દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫

મધ્યપ્રદેશમાં તપાસ કર્યા વિના જ એચઆઈવી પોઝિટિવ લોહી છ બાળકોને ચડાવી દેવાયું!

ભારત એવો દેશ છે કે જ્યાં સંવેદના મરી પરવારી છે. જેની જે જવાબદારી હોય તેમાં ધ્યાન આપવામાં આવતું નથી અને તેનો ભોગ નિર્દોષ બની રહ્યા છે. ચાર માસ પહેલા મધ્યપ્રદેશના સતના જિલ્લાની સરકારી હોસ્પિટલમાં થેલેસેમિયાથી પીડિત છ બાળકોને લોહી ચડાવવામાં આવ્યું હતું. લોહી ચડાવ્યા બાદ જ્યારે આ બાળકોના બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા ત્યારે તેમના લોહી એચઆઈવી પોઝિટિવ આવ્યા હતા. આ મામલે તપાસ સમિતી નિમવામાં આવી અને જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે આ બાળકોને એચઆઈવી પોઝિટિવ બ્લડ ચડાવવામાં આવ્યું હતું. સતના જિલ્લા હોસ્પિટલની બ્લડ બેંકના ઈન્ચાર્જ અને પેથોલોજિસ્ટ ડો. દેવેન્દ્ર પટેલ દ્વારા આ બેદરકારી દાખવવામાં આવી હતી અને હવે તેમના આ દુષ્કૃત્યને કારણે છ નિર્દોષ બાળકોના જીવ જોખમમાં મુકાઈ ગયા છે. ઘટનામાં તપાસ સમિતી નીમીને સરકાર હાથ ઉંચા કરી લીધા પરંતુ સરકારે જે જવાબદારી લેવાની હતી અને સાથે સાથે આવા કૃત્ય ભવિષ્યમાં નહીં બને તેના માટે કોઈજ પગલા લીધા નહીં. સામાન્ય રીતે જ્યારે પણ બ્લડ બેંકમાં બ્લેડ ડોનેશન લેવામાં આવે ત્યારે આ બ્લડની તપાસ કરવાની હોય છે. તપાસ કર્યા બાદ જે બ્લડ એચઆઈવી પોઝિટિવ ના હોય તે જે તે દર્દીને ચડાવવાનું હોય છે. પરંતુ સતના જિલ્લાની હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડો. દેવેન્દ્ર પટેલ, બે લેબ ટેકનિશિયન રામ ત્રિપાઠી અને નંદલાલ પાંડે તેમજ હોસ્પિ.ના પૂર્વ સિવિલ સર્જન દ્વારા કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નહીં. પરિણામે એચઆઈવી પોઝિટિવ બ્લડ જ આ બાળકોને ચડાવી દેવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશની સરકારના આરોગ્ય વિભાગે દેખાડા પુરતી કાર્યવાહી કરીને ડો. દેવેન્દ્ર પટેલ, બંને લેબ ટેકનિશિયનને સસ્પેન્ડ કરી દેવાની સાથે પૂર્વ સિવિલ સર્જન ડો. મનોજ શુક્લાને શો-કોઝ નોટિસ આપી છે પરંતુ બાળકો ઉપરાંત એચઆઈવી પોઝિટિવ બ્લડ કોને કોને ચડાવ્યું તેની કોઈ જ માહિતી આરોગ્ય વિભાગે મેળવી નથી.

એટલું જ નહીં,આરોગ્ય વિભાગે તે તપાસ કરવાની તસ્દી પણ લીધી નથી કે એચઆઈવી પોઝિટિવ બ્લડના ડોનર કોણ હતા? ઘટના ચાર માસ પહેલાની છે પરંતુ આ માટે તપાસ સમિતીનીરચના તા.16મી ડિસે.ના રોજ કરાઈ હતી. નરાધમો દ્વારા ડોનેશનમાં આવેલું બ્લડ એચઆઈવી પોઝિટિવ છે કે કેમ? તેની કોઈ જ તપાસ કરવામાં આવી નહોતી. એચઆઈવી પોઝિટિવ બ્લડ બાળકો ઉપરાંત કેટલીક સગર્ભા મહિલાઓને પણ ચડાવવામાં આવ્યું હતું. પરંતુ આ મહિલાઓને આરોગ્ય વિભાગ શોધી શક્યું નથી. શરૂઆતના તબક્કે તો આ ઘટનાને છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ બાદમાં હોબાળો થતાં તપાસ કરવામાં આવી હતી. આ ઘટના મામલે સ્થાનિક કલેક્ટર દ્વારા વિગતવાર તપાસનો રિપોર્ટ માંગવામાં આવ્યો છે ત્યારે અનેક નવી ચોંકાવનારી માહિતી પણ બહાર આવવાની સંભાવના છે.

પ્રશ્ન એ થાય છે કે બ્લડ બેંકોમાં લોહીની યોગ્ય રીતે ચકાસણી કરવામાં આવે છે કે કેમ?તે જોવાની જવાબદારી કોની? સરકારે શું ઘટના બન્યા બાદ જ તપાસ સમિતી નીમવાની? કોઈ ઘટના નહીં બને તે માટે સરકારે કોઈ જ પગલા લેવાના નહીં? આ ઘટનાને કારણે છ નિર્દોષ બાળકોની સાથે અન્ય અનેકોની જિંદગી જોખમમાં મુકાઈ ગઈ છે ત્યારે આના માટે જવાબદાર કોણ? મધ્યપ્રદેશ સરકારે ખરેખર આવી ઘટનામાં જેની જવાબદારી હોય તેને શોધીને તેની સામે એવી કાર્યવાહી કરવાની જરૂરીયાત છે કે ભવિષ્યમાં આ રીતે બેદરકારી કોઈના પણ દ્વારા બતાવવામાં આવે નહીં. જો તેમ થશે તો જ સરકારે પોતાની જવાબદારી નિભાવી છે તેમ કહેવાશે.

શશી થરૂર ભાજપમાં જશે? કેપ્ટન અમરિંદરસિંહની ઘરવાપસી થશે?

રાજ્યના અને જેની રાષ્ટ્રીય રાજકારણને અસર થઈ શકે એવી બે વ્યક્તિના મુદ્દે ચર્ચા છે અને એ બે નામ છે ફાંકડું અંગ્રેજી બોલતાં સાંસદ શશી થરૂર અને પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહ. થરૂર ભાજપમાં જશે? એ મુદ્દે અટકળો ચાલે છે તો કેપ્ટન અમરિંદર માટે ઘર વાપસીની ચર્ચા શરૂ થઈ છે. અને એવું બન્યું તો પંજાબ અને કેરળનાં રાજકીય પરિદેશ્યમાં કેવો બદલાવ આવશે એની વાતો શરૂ થાય એ સ્વાભાવિક છે.

શશી થરૂર એક જાણીતા ભારતીય રાજકારણી, લેખક, ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય રાજદ્વારી અને અદ્ભુત વક્તા છે. અમેરિકાની ટફ્ટ્સ યુનિવર્સિટીની 'ફ્લેચર સ્કૂલ ઓફ લો એન્ડ ડિપ્લોમસી'માંથી માત્ર ૨૨ વર્ષની વયે પીએચ.ડી.ની પદવી મેળવી હતી. રાજકારણમાં આવતાં પહેલાં શશી થરૂરે લગભગ ૨૯ વર્ષ સુધી સંયુક્ત રાષ્ટ્ર (UN) માં સેવા આપી હતી. બાદમાં એ રાજકારણમાં આવ્યા. ૨૦૦૯ થી સતત કેરળના તિરુવનંતપુરમ મતવિસ્તારમાંથી લોકસભાના સભ્ય તરીકે કોન્ગ્રેસમાંથી ચૂંટાઈ આવે છે. યુપીએ સરકારમાં તેઓ કેન્દ્રીય વિદેશ રાજ્ય મંત્રી અને માનવ-સંસાધન વિકાસ રાજ્ય મંત્રી રહી ચૂક્યા છે.

ઉપરાંત, શશી થરૂર એક પ્રખ્યાત લેખક છે અને અત્યાર સુધીમાં ૨૦ થી વધુ પુસ્તકો લખ્યાં છે. તેમનાં પુસ્તકોમાં ભારતીય સંસ્કૃતિ, ઈતિહાસ અને રાજકારણનું ઊંડું વિશ્લેષણ હોય છે. અંગ્રેજી માટે એ જાણીતા છે. તેઓ સોશ્યલ મીડિયા પર ખૂબ સક્રિય છે અને અવારનવાર અઘરા અંગ્રેજી શબ્દો વાપરવા માટે સોશ્યલ મીડિયામાં મિમ્સ અને ચર્ચાઓનો વિષય બને છે. બ્રિટિશ સંસદમાં તેમણે ''બ્રિટિશરોએ ભારતે કરેલા નુકસાનનું વળતર ચૂકવવું જોઈએ'' તે અંગે આપેલું ભાષણ વિશ્વભરમાં વાયરલ થયું હતું.

થોડા સમયથી એ કોંગ્રેસની ટોચની નેતાગીરીથી નારાજ છે. જી ૨૩ કે જેમણે કોન્ગ્રેસના ગાંધી પરિવાર સામે નિવેદન આપેલું એમાં થરૂર પણ હતા. એ નરેન્દ્ર મોદીની એકથી વધુ વાર પ્રશંસા કરી ચૂક્યા છે ને રશિયાના પુતિન ભારત આવ્યા અને ડીનરમાં એમને આમંત્રણ અપાયું જ્યારે રાહુલ અને ખડગેને બાકાત રખાયા એનાથી ચર્ચાએ વધુ જોર પકડ્યું છે અને એમાં તિરુવનંતપુરમ એટલે કે કેરળની રાજધાનીમાં પાલિકાની ચૂંટણીમાં ભાજપને પહેલી વાર બહુમતી મળી એનાથી ચર્ચામાં વધુ ઘી હોમાયું છે. વળી થરૂરે આ વિજયનું સ્વાગત કર્યું છે. આમેય ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તિરુવનંતપુરમ બેઠક પર શશી થરૂર અને ભાજપના ઉમેદવાર રાજીવ ચંદ્રશેખર વચ્ચે ખૂબ જ રસાકસીભર્યો જંગ જામ્યો હતો. શશી થરૂર ખૂબ જ પાતળી સરસાઈ એટલે કે ૧૬,૦૦૦ મતોથી જીત્યા હતા.

બીજી બાજુ શશી થરૂરની પક્ષની બેઠકોમાં ગેરહાજરી વિશે પણ ઘણી ચર્ચાઓ થઈ છે. કેરળ કોંગ્રેસના સ્થાનિક નેતાઓ સાથે શશી થરૂરના સંબંધો થોડા તણાવભર્યા રહ્યા છે. આવા સંજોગોમાં શું એ ભાજપમાં જશે? આ પ્રશ્નનો જવાબ મેળવવો મુશ્કેલ છે. કારણ કે, થરૂર ઉદારવાદી નેતા ગણાય છે અને હમણાં જ મનરેગા યોજનાનું નામ જી રામ જી કરવાના ખરડા મુદ્દે થરૂરે વિરોધ કર્યો. અગાઉ નરેન્દ્ર મોદીએ થરૂરની ગર્લફ્રેન્ડ વિષે કેવી ટીપ્પણી કરેલી એ જગજાહેર છે. બીજી બાજુ થરૂર સામે કોંગ્રેસે અશિસ્તનાં કોઈ પગલાં હજુ સુધી લીધાં નથી. જાણે થરૂર કોન્ગ્રેસના મોવડીમંડળની ધીરજની કસોટી કરી રહ્યા છે. એ વાત સાવ સાચી છે કે, કેરળમાં ડાબેરી મોરચો નબળો પડ્યો છે અને કોંગ્રેસમાં પણ સમસ્યાઓ ઘણી છે. સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો છે પણ કેરલમાં એમની પાસે કોઈ જાણીતો ચહેરો નથી. એ મુદ્દે શશી થરૂર ભાજપને કામ લાગી શકે છે. એ કેરળની આગામી ચૂંટણીમાં ભાજપનો ચહેરો બની શકે. પણ સવાલ એ છે કે, એવું બનશે ખરું? શું કોંગ્રેસ થરૂરને પક્ષમાંથી હાંકી કાઢશે? શું થરૂર એની રાહમાં છે? ભાજપ થરૂરને મજબૂર કરશે? સાવરકર એવોર્ડ માટે થરૂરની પસંદગી થઈ એ વિવાદ પણ જાણીતો છે. થરૂર એ સન્માન સ્વીકારવા ના ગયા એ જુદી વાત છે પણ થરૂરનું રાજકીય જીવન એક એવા વળાંક પર ઊભું છે કે એમણે કે એમને માટે કોઈએ કૈંક નિર્ણય લેવો પડશે. આવું જ એક બીજું વ્યક્તિત્વ છે કેપ્ટન અમરિંદરસિંહ અને એ કોંગ્રેસમાં પાછા ફરશે કે કેમ, તે અંગેની ચર્ચા પંજાબના રાજકારણમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. કેપ્ટન પંજાબમાં વજનદાર નેતા તરીકે જાણીતા છે અને કોંગ્રસની સત્તા હતી ત્યારે મુખ્યમંત્રી બન્યા હતા. બાદમાં કેટલાક મુદ્દે વાંધો પડતાં એમણે કોંગ્રેસ છોડી અને પોતાની પાર્ટી બનાવી. પણ ૨૦૨૨માં પોતાની પાર્ટી 'પંજાબ લોક કોંગ્રેસ'નું ભાજપમાં વિલીનીકરણ કરી દીધું હતું. હાલમાં તેઓ ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય છે. તેમની પુત્રી જય ઈન્દર કૌર અને પરિવારનાં અન્ય સભ્યો પણ ભાજપમાં સક્રિય છે.

પણ કેપ્ટન ભાજપમાં થાકી ગયા લાગે છે અને એમના તાજેતરનાં નિવેદનોમાં એનું પ્રતિબિંબ દેખાયું છે અને થોડા સમય પહેલાં અમરિંદરસિંહે દિલ્હીમાં સોનિયા ગાંધી સાથે મુલાકાત કરી હતી, જેનાથી રાજકીય ગરમાવો વધી ગયો હતો. જો કે, તેને 'સૌજન્ય મુલાકાત' ગણાવવામાં આવી હતી. પંજાબમાં આપનું શાસન છે અને કોંગ્રેસ નેતૃત્વની કટોકટીમાંથી પસાર થઈ રહી છે. કેટલાક જૂના કોંગ્રેસી નેતાઓ માને છે કે કેપ્ટન જેવા મજબૂત નેતા પાછા આવે તો પક્ષ ફરી બેઠો થઈ શકે. જો કે, કોંગ્રેસ પંજાબમાં કેપ્ટનનાં વિરોધીઓ પણ છે પણ કેપ્ટન માટે સમસ્યા એ છે કે, ભાજપમાં જવાથી એમને કોઈ રાજકીય ફાયદો થયો નથી અને કોંગ્રેસમાં પાછા ફરે તો એમને વધુ માન સન્માન મળી શકે છે. કોંગ્રેસ પણ સમજે છે કે, કેપ્ટનને પક્ષમાંથી પડતા મૂકવા એ ભૂલ હતી અને એનું પરિણામ કોંગ્રેસે ભોગવ્યું છે. કેપ્ટન કોંગ્રેસમાં પાછા ફરી કીંગ મેકર બની શકે એવી શક્યતા છે ખરી?

કેપ્ટન અમરિંદરસિંહ માત્ર એક રાજકારણી નથી પણ એક 'ફૌજી' પણ છે. પંજાબ જેવા સરહદી રાજ્યમાં લોકો હંમેશા એવા નેતાને પસંદ કરે છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને પંજાબનાં હિતો માટે મજબૂતીથી બોલી શકે. કોંગ્રેસ પાસે અત્યારે પંજાબમાં કેપ્ટન જેવો કદાવર અને 'પંજાબ દા પુત્તર' (પંજાબનો દીકરો) વાળી છબી ધરાવતો બીજો કોઈ નેતા નથી. કેપ્ટને તાજેતરમાં એક નિવેદન આપ્યું હતું કે 'ભાજપ તેની કાર્યશૈલીમાં થોડો જડ છે, જ્યારે કોંગ્રેસ વધુ લવચીક અને સલાહ-સૂચન લેનારો પક્ષ છે.' હવે નિર્ણય કેપ્ટન અને કોન્ગ્રેસે લેવાનો છે.

બિહાર ભાજપના નવા પ્રમુખ સંજય સરાવગી

ભારતીય જનતા પાર્ટીએ તાજેતરમાં બિહારમાં સંગઠનાત્મક ફેરફાર કરીને દરભંગાના ધારાસભ્ય સંજય સરાવગીની બિહાર ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક કરી છે. તેઓએ દિલીપ જયસ્વાલનું સ્થાન લીધું છે. બિહારના જ નીતિન નવીનને ભાજપે રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનાવી ચોંકાવી દીધા છે. એમ બિહારમાં પણ સંજયની પસંદગી પાછળ કેટલાંક કારણો છે. સંજય સરાવગી દરભંગા બેઠક પરથી સતત છ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. તેઓ બિહાર સરકારમાં મહેસૂલ અને જમીન સુધારણા મંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

સંજય સરાવગીની પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક પાછળ ભાજપની કેટલીક ગણતરીઓ છે. સંજય વૈશ્ય સમાજમાંથી આવે છે. બિહારમાં ભાજપ પોતાની પરંપરાગત વોટ બેંક (વૈશ્ય અને સવર્ણ) ને મજબૂત રાખવા માંગે છે, જ્યારે ઓબીસી વોટો માટે અન્ય નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત સંજય સરાવગી દરભંગા (મિથિલાંચલ વિસ્તાર) માં ખૂબ મજબૂત પકડ ધરાવે છે. આ રીતે ભાજપે બિહારમાં 'અનુભવ' (સંજય સરાવગી) અને 'રાષ્ટ્રીય સ્તરે યુવા નેતૃત્વ' (નીતિન નવીન) બંનેનું સંતુલન જાળવ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

> **જાણે થરૂર કોન્ગ્રેસના મોવડીમંડળની ધીરજની કસોટી કરી રહ્યા છે. એ વાત સાવ સાચી છે કે, કેરળમાં ડાબેરી મોરચો નબળો પડ્યો છે અને કોંગ્રેસમાં પણ સમસ્યાઓ ઘણી છે. એ મુદ્દે શશી થરૂર ભાજપને કામ લાગી શકે છે**

કડવા શબ્દો

એક માણસનો પોતાના પાડોશી સાથે ઝઘડો થયો અને તેણે પોતાના પાડોશીને ઘણા બધા ન બોલવાનાં કડવાં વેણ કહ્યાં. તે દિવસે રાત્રે તેને ઊંઘ ન આવી. તેણે વિચાર કર્યો કે હું આટલા બધા કડવા શબ્દો બોલ્યો. પાડોશી સાથેનો આટલાં વર્ષો જૂનો નાતો પણ જોયો નહીં. મારી ભૂલ થઈ. તે એક સંત પાસે જઈને કહેવા લાગ્યો, '' બાપજી, મારાથી ભૂલ થઈ છે. પાડોશી સાથે ઝઘડો થયો અને ઝઘડામાં મેં ન બોલવાનાં વેણ તેને કહી દીધાં. હું જે કડવા શબ્દો બોલ્યો છું તે પાછા વાળવાનો કોઈ ઉપાય મને બતાવો.'' સંતે કહ્યું, '' તું એક કામ કર. આજે આખો દિવસ જેટલા બની શકે તેટલાં બધાં પીંછાંઓ ભેગાં કર અને તેને અમારા આશ્રમના બગીચામાં મૂકી દે.'' માણસે પૂરી મહેનતથી પીંછાંઓ ભેગાં કર્યાં અને પીંછાંનો મોટો ઢગલો તેણે આશ્રમમાં બગીચામાં મૂકી દીધો. સંતે કહ્યું, ''હવે તું કાલે આવજે.'' બીજે દિવસે માણસ સંત પાસે ગયો અને કહ્યું, ''બાપજી, હવે આગળ મારે શું કરવાનું છે?'' સંતે કહ્યું, ' તેં કાલે જે પીંછાંનો ઢગલો મારા બગીચામાં મૂક્યો હતો તે બધાં જ ભેગાં કરીને અહીં લઈ આવ.'' માણસ આશ્રમના બગીચામાં ગયો તો થોડાં ઘણાં પીંછાં પડ્યાં હતાં. બાકી બધાં પીંછાં આખા બગીચામાં અને બગીચાની બહાર પવન દ્વારા દૂર દૂર પણ ઊડી ગયા હતા. હવે તે બધાં જ પીંછાંને પાછાં ભેગાં કરવાં તો બહુ જ મુશ્કેલ હતાં. માણસ સંત પાસે ગયો અને બોલ્યો, 'બાપજી, બધાં પીંછાંઓ દૂર દૂર સુધી પવનની સાથે ઊડી ગયાં છે. હવે તેમને હું કેવી રીતે ભેગાં કરું?'' સંત બોલ્યા, ''જેમ પીંછાંઓ ભેગાં કરવાં શક્ય નથી એવું જ બોલાયેલા શબ્દોનું છે. એક વાર બોલી લીધા પછી તેને ક્યારેય પાછા લઇ શકાતા નથી. બોલવા પહેલાં જ વિચારવું બહુ જરૂરી છે. આપણા બોલાયેલા શબ્દો સામેવાળાના મન પર ઘા કરી શકે છે અથવા તો મલમનું કે રાહતનું કામ પણ કરી શકે છે. આપણે કડવા શબ્દોનો ઘા કરી કોઈને કષ્ટ આપીએ છીએ તે શબ્દો દ્વારા કરાયેલા ઘા ક્યારેય રુઝાતા નથી અને આ ઘા જેટલું કષ્ટ સામેવાળાને આપે છે થોડા સમય પછી તે કષ્ટ દસ ઘણું થઈને આપણને મળે છે માટે એક એક શબ્દ બોલવામાં ધ્યાન રાખવું બહુ જરૂરી છે. માણસે કહ્યું, ''બાપજી, શું કરું?'' સંતે કહ્યું, ''બોલાયેલા કડવા શબ્દો તો પાછા નહીં વાળી શકાય અને તે શબ્દો દ્વારા કરાયેલા ઘા પણ નહીં રૂઝાય. તું એક જ કામ કરી શકે છે. તું તારા પાડોશીની જઈને માફી માંગ અને સાથે ઈશ્વરની માફી માંગ. બસ, આ સિવાય તો કંઈ જ કરી શકતો નથી પણ હા,આજથી યાદ રાખજે કે બોલવા પહેલાં દસ વાર સો વાર વિચાર કરીને એક એક શબ્દ બોલજે અને કડવા શબ્દો તો બોલતો જ નહિ.'' સંતે હકીકત સમજાવી.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

વોટચોરી મુદ્દે રાહુલની 'વોટચોર, ગદ્દી છોડ' રેલી એક ટર્નિંગ પોઇન્ટ સાબિત થશે?

દિલ્હીનું રામલીલા મેદાન! હાલમાં તે ભારતનું સૌથી મોટું મેદાન ન હોઈ શકે, પરંતુ તે ઐતિહાસિકતાનું પ્રતીક છે. છેલ્લા સાત દાયકા દરમિયાન તે ઘણી ઐતિહાસિક રાજકીય/સામાજિક રેલીઓનું સ્થળ રહ્યું છે, જેણે સમયાંતરે ભવિષ્યના રાજકારણની દિશા નક્કી કરી છે અને ઘણી વાર સત્તા પરિવર્તન પણ લાવ્યું છે.

શું રાહુલ ગાંધીએ 14 ડિસેમ્બર, 2025ના રોજ દિલ્હીના હૃદયમાં અને સત્તાના પ્રતીક ઐતિહાસિક લાલ કિલ્લાની નજીક યોજાયેલી કોંગ્રેસની 'વોટચોર ગદ્દી છોડ' રેલીનું નેતૃત્વ કર્યું હતું, તેને આ પૃષ્ઠભૂમિમાં જોવું જોઈએ? શું તેમાં દેશમાં ચાલી રહેલી રાજકીય ચર્ચા - હાલમાં નરેન્દ્ર મોદી-કેન્દ્રિત વ્યૂહરચના દ્વારા પ્રભુત્વ ધરાવે છે, જેનો ઉદ્દેશ કોંગ્રેસ અને તેના નેતાઓને વૈચારિક રૂપે ખતમ કરવાનો છે - અલગ દિશામાં લઈ જવાની ઝલક હતી?

શું આ તોફાની ઘટના દેશનું ધ્યાન વોટચોરી તરફ વાળવામાં એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ શકે છે, જેને કોંગ્રેસની આગેવાની હેઠળની વિપક્ષી શિબિરના સતત ચૂંટણી પરાજયનું એકમાત્ર કારણ બતાવવામાં આવી રહ્યું છે. હવે કોંગ્રેસ અહીંથી ક્યાં જશે? નિઃશંકપણે, કોંગ્રેસનાં સમર્થકો અને હરીફો બંનેને આશ્ચર્યચકિત કરતી આ રેલી ખૂબ જ સફળ રહી. તે ખૂબ જ સારી રીતે ગોઠવાયેલી હતી, સ્થળ ક્ષમતાથી ભરેલું હતું, મોટા પ્રમાણમાં ભીડ જોવા મળી હતી અને ભાવનાત્મક ભાગીદારીના મજબૂત સંકેતો આપતી હતી અને સૌથી ઉપર, મંચ પરના નેતાઓ અને સહભાગીઓ વચ્ચે એક મજબૂત તાલમેળ સ્પષ્ટપણે સ્થાપિત થયો હતો, જે કોંગ્રેસમાં દુર્લભ છે. તે એ હકીકતમાં પ્રતિબિંબિત થાય છે કે ધક્કામુક્કી અને ભીડ હોવા છતાં ભાગ્યે જ કોઈ સ્થળ છોડીને જતું જોવા મળ્યું.

તાજેતરના દિવસોમાં એવું ક્યારેય થયું નથી કે, દેશના ખૂણે-ખૂણેથી કોંગ્રેસી કાર્યકરો રામલીલા મેદાનમાં એકઠા થયાં હોય અને તે પણ બિહાર વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર પછી.

એમાં કોઈ શંકા નથી કે એ.આઈ.સી.સી.માં બેઠેલાં કોંગ્રેસનાં નેતાઓએ વધુ સારી રીતે રણનીતિ બનાવી હતી અને જૂથબંધીગ્રસ્ત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નેતાઓ અને કાર્યકરોને એકત્રિત કરવાનું કામ ગંભીરતાથી કરવામાં આવ્યું હતું. આ પાછળનું એક મજબૂત પરિબળ એ હોઈ શકે છે કે, ગાંધી સંસદની અંદર અને બહાર 'વોટચોર ગદ્દી છોડ' આંદોલનના મુખ્ય સૂત્રધાર હતા. આમ છતાં આ અભિયાનની ચૂંટણીલક્ષી અસરકારકતા પર શંકાઓ હજી પણ રહેલી છે, પરંતુ તે ચોક્કસપણે પુનર્જીવનનું સાધન બની શકે છે.

આ રેલી - જેમાં મુખ્યત્વે પક્ષના નેતાઓ અને કાર્યકરો જ સામેલ હતા, જેમાં ભાગ્યે જ કોઈ આમ લોકોની હાજરી હતી - છતાં તેનો પ્રભાવ પડ્યો. તેણે ખરેખર તેમને ઉત્સાહિત કરીને, તેમનાં સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પાછા જવા અને જનતા સાથે લાંબા સમયથી ખોવાયેલા સંબંધ સ્થાપિત કરવા માટે માર્ગ મોકળો કર્યો.

અહીંથી આગળ વધવાનો માર્ગ હજી પણ ખૂબ મુશ્કેલ છે. બે બાબતોમાં તે વધુ મુશ્કેલ છે - 1. એ.આઈ.સી.સી.થી પી.સી.સી. સુધી એક કમજોર સંગઠનાત્મક માળખું, જેને મજબૂત કરવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. 2. ભાજપમાં એક પ્રબળ પ્રતિસ્પર્ધી, જે હંમેશાં ચૂંટણી યુદ્ધ માટે તૈયાર રહે છે અને ખુદને ફરીથી શોધવાના પ્રયાસમાં અવિરત રહે છે. આ બે પરિસ્થિતિઓ વચ્ચે સંપૂર્ણ મેળ ખાતો નથી, જેના કારણે ભાજપનો સતત ઉદય થયો છે અને કોંગ્રેસનું પતન થયું છે. રામલીલા મેદાનથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એકતાનો સંદેશ કેવી રીતે આગળ ધપાવવો? શું ફક્ત પી.સી.સી. મુખ્યાલયમાં વિરોધ પ્રદર્શનો અને પરંપરાગત પ્રેસ-કોન્ફરન્સ યોજવાથી આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે?

હાલની પરિસ્થિતિઓ અને જે અંધકારમય ભવિષ્યનો સામનો કરવો પડી રહ્યો છે, તેને ધ્યાને લઈને કોંગ્રેસ પાસે વધુ વિલંબ કર્યા વિના પડકાર સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ નથી. ટોચના નેતૃત્વએ સુસ્તી છોડી દેવી પડશે, પોતાની પ્રાથમિકતાની યાદી બનાવવી પડશે અને ઝડપથી કાર્ય કરવું પડશે.

આનો અર્થ એ નથી કે કોઈ પક્ષના કાર્યક્રમો અને વિરોધ પ્રદર્શનો યોજવાં ન જોઈએ, પરંતુ પક્ષના સંચાલકોએ સંગઠનાત્મક નેટવર્કમાં ફેરફાર કરવાની જરૂરિયાતને ભૂલવી ન જોઈએ. 'રામ લીલા મેદાન' શો દ્વારા ઉત્પન્ન થયેલી સદ્ભાવનાનો લાભ ફક્ત ત્યારે જ લઈ શકાય છે જ્યારે જમીની સ્તરે સંદેશ આગળ વધારવા માટે એક મજબૂત સંગઠન હોય. કમનસીબે, ઘણાં રાજ્યોમાં આવું બન્યું નથી અને તેનાથી પણ વધુ દુર્ભાગ્યપૂર્ણ બાબત એ છે કે, એ.આઈ.સી.સી. નેતૃત્વએ જાણીજોઈને આ પરિસ્થિતિને બગડવા દીધી, ફક્ત એટલા માટે કે કોઈ પણ સ્તરે કોઈ જવાબદારી નથી. 14 ડિસેમ્બરની રેલીના આયોજનમાં એક ખાસ વાત જે સામે આવી તે હતી ઉપરથી નીચે સુધી સંદેશાવ્યવહારનો સ્પષ્ટ માર્ગ. પી.સી.સી. વડાઓને કહેવામાં આવ્યું કે, એકજૂટ થાઓ અને રેલીમાં દરેકની હાજરી સુનિશ્ચિત કરો, જેનો સારો પ્રભાવ પડ્યો. ભૂતકાળમાં જોવા મળ્યું છે તેમ, મોટા ભાગે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના એ.આઈ.સી.સી. પ્રભારીઓ કાં તો રસ દાખવતા નથી અથવા તો લાપરવાહ હોય છે અથવા પી.સી.સી. પ્રમુખો અને તેમના સાથીઓના સંપૂર્ણ પ્રભાવ હેઠળ કાર્ય કરે છે અને સામાન્ય કાર્યકરોના મોટા વર્ગને અવગણે છે. આનાથી જૂથવાદ વધુ ભડકે છે અને આ આગને ઓલવવાના કોઈ પ્રયાસ થતા નથી અને મોટા ભાગે, જેમ ગાંધીએ ગુજરાતના તેમના તાજેતરના પ્રવાસ દરમિયાન ખુદ કહ્યું હતું, આનાથી એ આરોપ લાગે છે કે, પી.સી.સી.માં ભાજપના સ્લીપર સેલ સક્રિય છે.

કાર્યવાહી ટોચ પરથી શરૂ થવી જોઈએ અને ગાંધી ન ફક્ત નિર્ણાયક કાર્યવાહી કરતા દેખાવા જોઈએ, પરંતુ જ્યાં પણ જરૂર હોય ત્યાં સખત કાર્યવાહી કરવી જોઈએ. છ મહિના પહેલાં ગુજરાતમાં ભાજપના સ્લીપર સેલ વિશે જાહેરમાં નિવેદન આપવા છતાં, આ રોગ ઘણાં રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલો છે અને કેટલાંક લોકોને બહારનો દરવાજો બતાવવો પડશે, પરંતુ અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

સીમા રેખા એ છે કે શબ્દો સાથે કડક અને સુસંગત કાર્યવાહી પણ થવી જોઈએ. કોંગ્રેસની સમસ્યાનું મૂળ એ છે કે તે આમ કરવામાં નિષ્ફળ ગઈ છે અને તેના દ્વારા સ્થાપિત હિતોને પ્રોત્સાહન મળ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

> **શું ફક્ત પી.સી.સી. મુખ્યાલયમાં વિરોધ પ્રદર્શનો અને પરંપરાગત પ્રેસ-કોન્ફરન્સ યોજવાથી આ લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળશે?**

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરત સિટી બસ સેવા

સુરત શહેરી વિસ્તાર ત્યાં દૂરના ગ્રામ્ય વિસ્તાર સુધી, ફરતી Blue Bus તેમજ Electric (100%) ફરતી બસો શહેરીજનો માટે - સુંદર ટ્રાન્સપોર્ટ સેવા અને યોગ્ય દરે પ્રદાન કરી રહી છે. તે બદલ સુરત સિટી ઓફીસનાં સંચાલકોને ધન્યવાદ છે. આ સુવિધાને કારણે સામાન્યજન નજીવા દરે, આરામદાયક બસમાં મુસાફરી કરી રહ્યાં છે, જે સુરતની શાન છે. સુરતની વસ્તી અને વિકસિત વિસ્તારોને ધ્યાનમાં રાખી, નીચે મુજબમાં સુરત સિટી બસના રૂટ માટે વિનંતિ છે. સ્ટેશનથી મુખ્ય જીલાણી બ્રીજ (ધનમોરા કોમ્પલેક્ષ) થી ઋષભ ટાવરથી સામેની બીજી અભી, શંખેશ્વર કોમ્પ્લેક્ષ. રાયન સ્કૂલથી ડાબી બાજુએથી, સ્ટેટ બેંક થઈ જમણી બાજુ, રામનગર થઈ સુભાષ બ્રીજ સુધી - રુટ કહી શકાય. જેથી આ દિવસમાં વસતાં નાગરિકોને સિટી બસ સુવિધા - ઘર આંગણેથી મળી શકે, જે વરિષ્ઠ નાગરિક માટે પણ આશીર્વાદરૂપ રહેશે.

રાંદેર રોડ. સુરત- દિપક બી. દલાલ

કોટ વિસ્તારની શાળાઓની આર્થિક સ્થિતિ નબળી કેમ?

સુરત શહેરમાં કોટ વિસ્તારમાં આવેલી જૂની-પ્રચલિત સ્કૂલોની નબળી આર્થિક પરિસ્થિતિ માટે વિદ્યાર્થીઓના વાલીઓની અયોગ્ય માનસિકતા જવાબદાર છે. કારણ કે એવું લાગે છે કે ઈંગ્લીશ સ્કૂલોમાં તેમનાં સંતાનોને જણાવવાથી તેઓ વધુ હોશિયાર બનશે તેમજ મોટી ઈંગ્લીશ સ્કૂલોમાં ભણાવવું એ સામાજિક સ્ટેટસ સિમ્બોલ બની રહે છે. એક સમય હતો કે જ્યારે આ જ કોટ વિસ્તારની પ્રચલિત શાળાઓમાં પ્રવેશ મેળવવો એક સપના સમા